આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯ | ૩૧ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શબ્દો બાળક જેવા છે તેને
ગમે તેમ દોડવા ન દો...
સતત સાવચેત રહો
- કુમારપાળ દેસાઈ

NEWS ન્યૂઝ

● જશવંતસિંહ ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા

બાડમેરથી અપક્ષ તરીકે

ઉમેદવારી પત્રક ભરનાર ભાજપના વરિષ્ઠ નેતા જશવંતસિંહને પક્ષે હાંકી કાઢ્યા છે. પક્ષની સામે પડીને અપક્ષ તરીકે ઉમેદવારી કરનાર જશવંતસિંહને છ વર્ષ માટે હાંકી કઢાયા છે.

● અરવિંદ કેજરીવાલની તબીય લથડી

આપના વડા અરવિંદ

કેજરીવાલ પક્ષના પ્રચાર માટે દેશભરમાં નોનસ્ટોપ કાર્યક્રમો યોજી રહ્યા છે. રવિવારે તેઓ પંજાબના ચંદીગઢના ઉમ્મીદવાર ગુલપનાગના પ્રચાર માટે રોડ-શોમાં જોડાયા હતા. જો કે આ કાર્યક્રમ બાદ કેજરીવાલની તબીયત લથડી હતી અને તેઓ સાંજે જ પરત દિલ્હી આવવા નીકળી ગયા છે.

● ભાજપના પ્રતિકવાળી જ્વેલરી દુપટ્ટાઓ બજારમાં

ભાજપના પ્રતિક કમળના ચિહ્નની જ્વેલરી બજારમાં આવી છે. મહિલાઓને રીઝવવાના ભાગરૂપે કેટલાક શહેરી વિસ્તારોમાં કમળની બિંદી, મંગળસૂત્ર, ચેન, એરીંગ્સ અને દુપટ્ટા-સાડીઓના સ્ટોલ લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલાક સ્થળોએ કમળના પ્રતિકની મહેંદી મુકાવવા માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જે ખુબ સફળ રહ્યા છે.

● રેલીઓનો રવિવાર

રવિવારની રજાનો ફાયદો લેવા માટે રાષ્ટ્રીય દિગ્ગજ નેતાઓએ દેશભરમાં વિવિધ સ્થળોએ

સભાઓ અને અન્ય રાજકીય કાર્યક્રમો યોજ્યા હતા. ભાજપના વડાપ્રધાનપદના ઉમીદવાર નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં, યુપીએ અધ્યક્ષા સોનીયા ગાંધીએ દિલ્હી અને અસમમાં, માયાવતીએ પંજાબમાં, અરવિંદ કેજરીવાલે પંજાબમાં, અખિલેશ કુમારે ઉત્તરપ્રદેશ અને નીતિશકુમારે બિહારમાં જનસભા અને રેલીઓમાં ઉપસ્થિત રહ્યા હતા.

મતદાર નામ નોંધણીમાં ભારે ધસારો

ચાર થી પાંચ જેટલા ઓકઝીલરી મતદાન મથકો બનશે તેવા અંદાજો : નામ જોવા પણ લોકોની ભીડ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૩૦

લોકસભાની ચૂંટણી માટે આજે મતદાર યાદીમાં નામ નોંધાવવાના અંતિમ દિવસે ગાંધીનગરમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને સવારે ૧૧ વાગ્યાના સુમારે તો કલેક્ટર ઓફિસમાં ભારે ભીડ મતદારોની જોવા મળતી હતી.

મતદારયાદીમાં નામ દાખલ કરવાનો આજે અંતિમ દિવસ હતો અને રવિવારની રજા હોવા છતાં બધી જ કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી. આજે અંતિમ દિવસે પણ ગાંધીનગર(દ) અને ગાંધીનગર (ઉ)ની બેઠક પર નામો દાખલ કરવા માટે તેમજ મતદારયાદીમાં નામની ચકાસણી માટે મોટી સંખ્યામાં લોકો કલેક્ટર ઓફિસ ખાતે ઉમટ્યા હતા.

લોકોના ભારે ધસારાને જોઈ જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ અને અધિક નિવાસી કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયા ગાંધીનગર મામલતદાર ઓફિસમાં દોડી આવ્યા હતા. તેમણે ફોર્મ સ્વીકારવા અને નામ ચકાસણી માટેની અલગ-અલગ વ્યવસ્થા અંગે જાણકારી આપી તેમણે ફોર્મ સ્વીકારવા માટે વધુ કર્મચારીઓની વ્યસ્થા કરી હતી.

આજે આખો દિવસ ગાંધીનગર કલેક્ટર કચેરીમાં લોકોની ભારે અવરજવર રહેવા પામી હતી. જિલ્લામાં મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ યોજાયેલ બે ખાસ અભિયાન દરમ્યાન ૧૩૧૬૦ જેટલા નવા મતદારો નોંધાયા હતા તો ગઈકાલ સુધી મતદારયાદી બાદ નોંધાયેલા ૨૦ હજાર જેટલા મતદારો છે. મતદારયાદીના મળેલા ફોર્મ અને તેની ચકાસણી કાલથી જ શરૂ થશે અને તે બે દિવસમાં પૂર્ણ કરી જિલ્લામાં નોંધાયેલા મતદારોની આખરી આંક નિયત કરી દેવામાં આવશે.

જિલ્લામાં આજે પાંચેય વિધાનસભા મતવિસ્તાર પર સારો એવો રસ નોંધાયાના અહેવાલો છે. જિલ્લામાં ૧૦.૨૦ લાખ જેટલા નોંધાયેલા મતદારો છે. જિલ્લા ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલ છે. જિલ્લામાં સતત મતદારયાદી સુધારણા ઝુંબેશને મળેલા સારા પ્રતિસાદને જોતા ચારથી પાંચ જેટલા ઓકઝીલરી મતદાન મથકો બને તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

આજે ગાંધીનગર લોકસભા બેઠકની ચૂંટણી તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ચૂંટણી અધિકારી વ જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે ચૂંટણીની તૈયારીની આખરી સમીક્ષા માટે એક ખાસ બેઠક અધિકારીઓની બોલાવી છે.

સવારે ૧૧.૩૦ કલાકે શરૂ થનાર આ બેઠકમાં મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને નોડેલ ઓફિસરોની સંયુક્ત સમીક્ષા કરવામાં આવશે. ખાસ કરીને ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે બાકી રહી ગયેલ તૈયારીઓ, કર્મચારીઓની તાલિમ, ઈ.વી.એમ. મેનેજમેન્ટ, સ્ટેટીક સર્વેલન્સ અને મિડિયા સર્ટીફિકેશન અને ખર્ચ વ્યવસ્થાપન તેમજ આદર્શ આચારસંહિતાના અમલને લઈ ચર્ચાઓ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં નવ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદો નોંધાઈ છે. જેમાં સૌથી વધારે ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાં નોંધાઈ છે. આચારસંહિતાના અમલ માટે થયેલ કાર્યવાહીની પણ આ બેઠકમાં વિશેષ સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ બેઠકમાં ચૂંટણી વિષયક કર્મચારીઓની તાલિમને લઈ થયેલી કામગીરી અંગે પણ ખાસ સમીક્ષા કરવામાં આવનાર છે. કર્મચારીઓની વિધાનસભા મતવિસ્તાર ફાળવણી કરતું રેન્ડમાઈઝેશન સંપન્ન થઈ ચુક્યુ છે અને આજથી ત્રિદિવસીય તાલિમનો પ્રારંભ પણ થઈ ચુક્યો છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ આજે બોલાવેલી સમીક્ષા બેઠકમાં

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોંગ્રેસની સરસાઈવાળા બાવન મતદાન મથકો માટે ભાજપની વ્યુહરચના

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારમાંથી કોંગ્રેસ પક્ષને મળતી સરસાઈના કલંકને મિટાવવા ભારતીય જનતા પક્ષે આ વખતે 'વીન ધી બુથ' અને વિસ્તારક યોજના થકી મતદારોને મનાવવાની આકમક વ્યુહરચના અપનાવી છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરના ૧૦૨ બુથ પૈકી ૫૨ બુથમાં વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ સરસાઈ મેળવી હતી. આ બુથોને અલગ તારવી ભાજપની નેતાગીરીએ ખાસ વ્યુહરચના તૈયાર કરી છે. જેમાં બુથવાસીને લોકસંપર્ક સઘન બનાવવા સહિતની ૨૫ થી વધારે સૂચનાઓ આપવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ બાવન બુથો પર ખાસ ભાર મુકવા માટે ચૂંટાયેલી પાંખ, સંગઠન પાંખની સંયુક્ત ટીમ પણ બનાવવામાં આવી છે. આ ઉપરાંત લોકસંપર્ક અભિયાન માટેના ટોકેવીવ પોઈન્ટસ પણ તૈયાર કરી આ ટીમને આપવામાં આવ્યા છે.

ખાસ કરીને ગાંધીનગર શહેરમાં વિકાસના કામો જે હાથ ધરવામાં આવ્યા છે તેના વિશેની વાતો ઉપરાંત સ્વર્ણીમ પાર્ક તેમજ ઉદ્યાનોના વિકાસ માટે લેવાયેલા પગલાઓ ઉપરાંત કોર્પોરેશનના વહીવટને લોકાભિમુખ બનાવવા માટે લેવાયેલા પગલાંઓનો સમાવેશ થાય છે.

ભાજપ તરફથી દર સપ્તાહે આ બુથોમાં થયેલ કામગીરીની વિગતો પણ એકત્ર કરવામાં આવી રહી છે. જો કે હજુ જેમ જેમ દિવસો મતદાનના નજીક આવશે તેમ તેમ આ અભિયાન સઘન બનાવવામાં આવશે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૬ એપ્રિલ જે પક્ષનો સ્થાપના દિવસ છે તે દિવસે વિસ્તારક યોજના અંતર્ગત આખા દિવસના ભરચક કાર્યક્રમો આ બુથો પર યોજવામાં આવનાર છે.

આ દિવસે બાવન સ્થળો પર ટિફિન બેઠક તેમજ બુથના આગેવાન કાર્યકરો સાથે બેઠક સહિતના વિવિધ કાર્યક્રમોની યાદી તૈયાર કરવામાં આવી છે. ભારતીય જનતા પક્ષે દરેક સેક્ટર દીઠ પણ એક ખાસ યુવા ટીમ પણ તૈયાર કરી વધુ ને વધુ યુવા મતદારો મતદાન કરે તેવી વ્યુહરચના તૈયાર કરી છે.

ભાજપ-કોંગ્રેસના કાર્યાલયો આગામી સપ્તાહમાં કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો દ્વારા તેમના મધ્યસ્થ કાર્યાલયોનો આરંભ આગામી સપ્તાહે કરી રહ્યા છે. બન્ને પક્ષો તેમના કાર્યાલયો જે વિસ્તારો નબળા છે ત્યાં ખોલી અને મતદારો સાથેના લગાવને મજબુત બનાવવા પર ભાર મુકશે.

બન્ને પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભાજપ ઘ-૬ નજીક પોતાનુ કાર્યાલય બનાવવા જઈ રહેલ છે તો કોંગ્રેસ પક્ષ પાટનગર યોજના નજીક પોતાનુ કાર્યાલય શરૂ કરવા જઈ રહેલ છે. આ માટે દુકાન માલિકો સાથે વાતચીતો ચાલી રહી છે અને એકાદ-બે દિવસમાં સ્થળ આખરી થઈ જશે તેમ બન્ને પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

અડવાણી ફોર્મ ભરતી વેળા કાર્યકરોની રેલી નહિ યોજે

ગાંધીનગર, તા. ૩૦

આગામી પાંચમી એપ્રિલે પોતાની ઉમેદવારી નોંધાવવા માટે ગાંધીનગર આવી રહેલા લાલકૃષ્ણ અડવાણી આ વખતે કાર્યકરોની રેલી યોજી ફોર્મ ભરવા માટે જશે નહિ.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શ્રી અડવાણી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને પાંચ સમર્થકો સાથે જ કલેક્ટર ઓફિસ ખાતે ફોર્મ ભરવા માટે જશે.

શ્રી અડવાણી ફોર્મ ભરતા પહેલાં અપેક્ષિત કાર્યકરો સાથે કોબા નજીક બેઠક કરી અને તેમનામાં મુકેલ વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરી વધુ એક વખત વિજયી બનાવવા અપીલ કરશે. આ બેઠકને પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અને મુખ્યમંત્રી શ્રી મોદી પણ સંબોધન કરી કાર્યકરોને વિજય મંત્ર આપશે.

આમ તો ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ભાજપે શ્રી અડવાણીના પ્રચાર ઝુંબેશના શ્રી ગણેશ કરી દીધા છે. તેમના દિકરી પ્રતિભા અડવાણી અને મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સાથે ઘાટલોડિયામાં પ્રચાર રેલી યોજી હતી. તો ગઈકાલે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ધારાસભ્યશ્રી અમીત શાહે તેમના વિધાનસભા મત વિસ્તારમાં પ્રચાર રેલી યોજી હતી.

ભાજપ દ્વારા આ વખતે ગાંધીનગરમાં આકમક પ્રચાર અભિયાન છેડવાની વ્યુહરચના બનાવી છે.